# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૯૨૫-૧ તારીખ : ૦૭ - ૦૬ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ
C/o. નાયબ કાર્યપાલક એન્જી. આવાસ યોજના, એ-૩૦૯, બી.કે.નરસીંહ મેહતા ટાઉનશીપ, ડી-માર્ટની પાછળ, કુવાડવા રોડ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૩૭૭૭૫૧૯૯૮

વિષય : અમોને આપવામાં આવેલ બીલ રદ કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૧-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, આજી-૨ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૧/૨૨-૨૩/૩૯૨૫-૧ તા.૦૧.૦૬.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૧૪/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ ગામ: રાજકોટ |
| પેટાવિભાગીય કચેરી | : આજી-૨ |
| રજૂઆત કરનાર | : અરજદાર પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ |
| રજૂઆત કરનાર | : શ્રી બી.એમ.કોટડીયા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., આજી-૨ પેટા વિભાગીય કચેરી - રાજકોટ અને તેમની સાથે શ્રી કે.સી.પારેખ, અધિક્ષક હિશાબનીશ, પી.જી.વી.સી.એલ., આજી-૨ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી ડી.વી.લાખાણી |
| 3) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ તા.૧૮.૦૬.૨૦૧૮ થી આજી-૨ પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૮૭૨૦૪/૧૩૮૩૮/૪ થી ૧.૫ કીવોનું રહેણાંક હેતુનું વીજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા વીજજોડાણ ચાલુ થયેલ ત્યારથી એટલેકે આશરે ચાર વર્ષમાં ફક્ત ૧૬૪૧ યુનીટનો જ વપરાશ કરવામાં આવેલ છે. હાલમાં અરજદારને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨નું તા.૧૩.૦૪.૨૦૨૨ ના રોજ

૪૬૨૨ યુનીટનું રૂ.૩૮૩૫૩.૦૮ નું વીજબીલ આપવામાં આવેલ છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ મજુરી કામ કરે છે, તેઓનું મકાન 1 BHK છે તેમજ તેઓના મકાનમાં વીજવપરાશના સાધનોમાં ફક્ત (૦૨) બે પંખા અને (03) ત્રણ સીએફએલ બલ્બ છે, જેથી આટલું બીલ આવીજ ન શકે. આમ, અરજદાર દ્વારા સદર અપાયેલ બીલ બાબતે પાછલા વર્ષનો વપરાશ ધ્યાને લઈને યોગ્ય કરવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે હેઠળના આજી-૨ સબ ડીવીઝનના અરજદાર શ્રી નાયબ કાર્યપાલક આવાસ યોજના C/o, શ્રી પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ, તા:૧૮.૦૬.૨૦૧૮ થી ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નંબર:૮૭૨૦૪/૧૩૮૩૮/૪ થી ૧.૫ કીવોનું ધરાવે છે.

૩.૧ અરજદારને તેઓના ગ્રાહક નંબર: ૮૭૨૦૪/૧૩૮૩૮/૪ ના ફ્લેટનું બીલ તા:૧૩.૦૪.૨૦૨૨ ના રોજ મીટર ચેન્જ હોવાથી જુના મીટરના મીટર ચેન્જ પ્રફોર્મા મુજબ છેલ્લા વાંચન ૬૨૬૪ મુજબ તથા નવા મીટરના હાલના વાંચન મુજબ કુલ ૪૬૨૨ યુનીટનું બીલ રકમ રૂ.૩૮૩૫૪.૦૪ નું આપવામાં આવેલ હતું.

૩.૨ અરજદારના સદર જોડાણમાં મીટર PGST૦૪૧૬૬૯૬૭ નું તારીખ:૧૯.૦૪.૨૦૨૨ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબમાં તેઓની હાજરીમાં પરીક્ષણ કરવામાં આવતા લેબરીપોર્ટ તેમજ એમઆરઆઈમાં છેલ્લા રીડીંગ ૬૨૬૪ નોંધાયેલ છે.

3.3 ગ્રાહક દ્વારા તેમને આપેલ બીલ પેટે રૂ.૩૮000/- રસીદ નંબર: આરએસ૬૯૭૩૦૭ થી તા:૧૯.૦૪.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ સદર અરજદારના ગ્રાહક નંબર ૮૭૨૦૪/૧૩૮૩૮/૪ થી શ્રી નાયબ કાર્યપાલક આવાસ યોજના C/o, શ્રી પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ નામે તા:૧૮.૦૬.૨૦૧૮ થી રહેણાક હેતુનું 1.5 KW કરારિત વીજભારનું વીજજોડાણ આજી-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૪.૨ સદર ગ્રાહકને પી.જી.વી.સી.એલ. દ્વારા માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ નું ૪૬૨૨ યુનીટનું રૂ.૩૮૩૫૪.૦૪ તા.૧૩.૦૪.૨૦૨૨ થી આપેલ છે. સદર વીજબીલ અન્વયે અરજદાર દ્વારા પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં તેઓના વપરાશ કરતા ખુબજ વધુ બીલ આવેલ હોય યોગ્ય કરવા જણાવેલ પરંતુ સંતોષકારક કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.3 અરજદારની સદર ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૦૫-૦૪-૨૦૨૨ ના રોજ મીટર રિપ્લેસમેન્ટ શીટ નં આર.સી.સી. ૮૪૫૦૧૫ થી સવાલવાળું મીટર બદલાવી નવું મીટર ૦૦ રીડીંગથી મુકેલ છે તેમજ સદર જુના મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી માટે તા.૧૨-૦૪-૨૦૨૨, તા.૧૯-૦૫-૨૦૨૨ અથવા તા.૨૬-૦૪-૨૦૨૨ માં હાજર રહેવા જણાવેલ હતું તે મુજબ તા.૧૯-૦૪-૨૦૨૨ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં સદર મીટરની ચકાસણી કરવામાં આવેલ તે મુજબ મીટરનો એક્યુચેકટેસ્ટનું પરિણામ નિર્દિષ્ટ મર્યાદામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(કોષ્ટક-૧)

| Particulars | Old Meter Dt.05.04.22 | New Meter Dt.05.04.22 | Old Meter-As per MTLab Dt.19.04.22 |
|---|---|---|---|
| Make | HPL | HE | HPL |
| Meter No | PGST 04166967 | PGST 05146994 | PGST 04166967 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 6264 | 1 | 6264 |
| REMARKS | મીટર રિપ્લેસમેન્ટ શીટ નં- :૮૪૫૦૧૫ તા.૫-૪-૨૨ મુજબ જોડેલ વીજભાર ૫૧૫ વોટ | | મીટર બરાબર છે એમ.આર.આઈ. લીધેલ છે. |

વધુમાં સદર HPL કંપનીના મીટર નંબર - PGST 04166967 નું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં લીધેલ એમ.આર.આઈ. અહેવાલની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

(કોષ્ટક-૨)

| Sr. No. | MD Date | KWh | MD (KW) | MD Time |
|---|---|---|---|---|
| 1 | 02.04.2022 | 6264.0 | 0.21 | 13:30 |
| 2 | 05.03.2022 | 6253.5 | 1.69 | 14.30 |
| 3 | 25.02.2022 | 6161.5 | 1.86 | 06.00 |
| 4 | 01.01.2022 | 6028.5 | 1.75 | 05.30 |
| 5 | 29.12.2021 | 5886.3 | 1.73 | 11.30 |
| 6 | 10.11.2021 | 5720.5 | 1.78 | 20.30 |
| 7 | 31.10.2021 | 5559.6 | 1.85 | 13.30 |
| 8 | 12.09.2021 | 5358.7 | 1.80 | 12.00 |
| 9 | 11.08.2021 | 5161.6 | 2.14 | 07.30 |
| 10 | 18.07.2021 | 4997.0 | 2.05 | 08.30 |
| 11 | 26.06.2021 | 4805.3 | 1.64 | 12.00 |
| 12 | 21.05.2021 | 4604.5 | 2.10 | 12.30 |
| 13 | 06.04.2021 | 4393.5 | 0.61 | 21.30 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ અરજદારના સદર વીજજોડાણ ગ્રાહક નંબર - ૮૭૨૦૪/૧૩૮૩૮/૪ ના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ કરેલ વીજવપરાશની વિગત નીચે મુજબ છે.

(કોષ્ટક-3)

| BILLING PERIOD | Year-2019 | | Year-2020 | | Year-2021 | | | Year-2022 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | CURR RDG | UNIT | CURR RDG | UNIT | Billing Date | CURR RDG | UNIT | Billing Date | CURR RDG | UNIT |
| DEC,JAN, BIL FEB, | 1 | 0 | 245 | 29 | 15-01-2021 | 905 | 45 | 25-01-2022 | 1642 | 44 |
| FEB,MAR, BIL APR, | 1 | 0 | 290 | 45 | 15-03-2021 | 982 | 77 | 13-04-2022 | 6264 | 4622 |
| APR,MAY, BIL JUN, | 1 | 0 | 462 | 172 | 26-05-2021 | 1192 | 210 | | | |
| JUN,JUL, BIL AUG, | 56 | 55 | 583 | 121 | 24-07-2021 | 1365 | 173 | | | |
| AUG,SEP, BIL OCT, | 164 | 108 | 711 | 128 | 27-09-2021 | 1518 | 153 | | | |
| OCT,NOV, BIL DEC, | 216 | 52 | 860 | 149 | 23-11-2021 | 1598 | 80 | | | |
| Total | | 215 | | 644 | | | 738 | | | |
| Avg Consumption | | 35.8 | | 107.3 | | | 123 | | | |

ઉપરોક્ત કોષ્ટક-૨ અને કોષ્ટક-3 મુજબની વિગતે અરજદારને અપાયેલ વીજબીલની સાપેક્ષમાં સવાલવાળા મીટરનો એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ વીજયુનીટ/તારીખો અને તેને અનુરૂપ પી.આર.ટી.-૧૪૫માં નોંધાયેલ વીજયુનીટ/તારીખોની સરખામણી નીચે મુજબ છે

(કોષ્ટક-૪)

| Detail Sr. No. | As per PRT Date | As per PRT KWh | As per MRI Reset Date & Time | As per MRI Fwd KWh | Diff. of Days | Diff. of Unit (pending unit) |
|---|---|---|---|---|---|---|
| 1 | 26.05.2021 | 1192 | 01.06.2021 | 4604.5 | 6 | -3412.5 |
| 2 | 24.07.2021 | 1365 | 01.08.2021 | 4997.0 | 8 | -3632.0 |
| 3 | 27.09.2021 | 1518 | 01.10.2021 | 5358.7 | 4 | -3840.7 |
| 4 | 23.11.2021 | 1598 | 01.12.2021 | 5720.5 | 8 | -4122.5 |

૪.૫ ઉપરોક્ત કોષ્ટક -03 અને 0૪ પરથી સદર ગ્રાહકના પી.આર.ટી.-૧૪૫ મુજબ મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ નોંધાયેલ વીજરીડીંગ અને સવાલવાળા મીટરના ઉપલબ્ધ એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ વીજયુનિટની સરખામણી કરતા સ્પષ્ટ થાય છે કે તા.૦૧-૦૬-૨૦૨૧ ના રોજ મીટરના એમ.આર.આઈ. રીપોર્ટ મુજબ ૪૬૦૪.૫ KWh નોંધાયેલ છે જ્યારે મીટર રીડર દ્વારા તા.૨૬.૦૫.૨૦૨૧ ના રોજ અપાયેલ વીજબીલમાં ૧૧૯૨ KWh નોંધાયેલ છે તે સ્થિતિએ ૩૪૧૨.૫ KWh પેન્ડીંગ યુનિટ જણાયેલ છે. સદર બાબતે પીજીવીસીએલ દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ સદર વીજજોડાણ તા.૧૮.૦૬.૨૦૧૮ ના રોજ રીલીઝ થયેલ છે, ત્યારબાદ તા.૦૫.૦૪.૨૦૨૨ ના રોજ મીટર પીજીવીસીએલ દ્વારા બદલાવેલ છે.

આમ, ઉપરોક્ત બાબતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે મીટર રીડર દ્વારા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ વીજબીલ અપાયેલ નથી જે મીટર રીડર બેદરકારી દર્શાવે છે.

ઉપરોક્ત સંજોગોમાં અરજદારની રજૂઆત મુજબ 1 – બેડ, હોલ અને કિચન હોય તેમજ અરજદાર પતિ પત્ની નોકરી કરતા હોય વીજવપરાશ સીમિત થયેલ હોવા છતાં પેન્ડીંગ યુનીટ ગણીને એકસાથે 4622 KWh (6264 – 1642) બીલ રૂ.૩૮૩૫૪/૦૮ નું આપેલ છે જે તેઓની આર્થિક / નાણાકીય પરિસ્થિતિ ખરાબ હોય તેઓ ભરપાઈ કરવા સક્ષમ ન હોવા છતાં પણ રૂ.૩૮૦૦૦/- જેવી મોટી રકમ તા.૧૯.૦૪.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરી આપેલ છે તેમ છતાં પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ કાપવાની કાર્યવાહી કરાયેલ જે ખુબજ ગંભીર બાબત ધ્યાને આવેલ છે. સદર બાબતે યોગ્ય ન્યાય મેળવવા માટે અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ અરજદારના સદર વીજજોડાણના વીજમીટરમાં યુનીટ ક્યારથી પેન્ડીંગ યુનીટ રહેલ છે તે સ્પષ્ટ થતું ન હોય અરજદારના સદર મકાનમાં જોડાયેલ વીજભારને ધ્યાનમાં રાખતા ૪૬૨૨ યુનીટનો વીજ વપરાશ ટેકનીકલ રીતે શક્ય ન હોય જેથી સદર ગ્રાહકનું વીજજોડાણ તા:૧૮.૦૬.૨૦૧૮ થી અપાયેલ હોય ત્યારથી સવાલવાળું મીટર તા.૦૫.૦૪.૨૦૨૨ ના રોજ બદલાવેલ છે જેનું વીજબીલ તા.૧૩.૦૪.૨૦૨૨ ના રોજ અપાયેલ છે ત્યાં સુધીના સમયગાળાના વીજબીલોમાં એટલેકે માહે જુન-જુલાઈ-૨૦૧૮ થી માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ સુધીના તમામ વીજબીલોમાં પેન્ડીંગ રહેલા ૪૬૨૨ યુનીટને નીચે જણાવેલા બિલીંગ સમયગાળામાં કરાયેલ વિભાજીત યુનીટ મુજબ જે તે સમયના લાગુ પડતા ટેરીફ મુજબ વીજબીલોને કોષ્ટક-૫ મુજબ રીવાઈઝ કરીને તેનું સુવ્યવસ્થિત ગણતરીપત્રક અરજદારને અત્રેના ફોરમની જાણકારી હેઠળ દિવસ-૧૦ માં પાઠવવા તેમજ ગણતરી મુજબની રકમ જમા / ઉધાર કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

(કોષ્ટક-૫)

| BILL DATE | BILIN PERIOD | CURR RDG | Billed | Bifurcation of 4622 Unit | To be Billed |
|---|---|---|---|---|---|
| 29-07-18 | JUN,JUL,18 BIL AUG,18 | 1 | 0 | 200 | 200 |
| 27-09-18 | AUG,SEP,18 BIL OCT,18 | 1 | 0 | 200 | 200 |
| 21-11-18 | OCT,NOV,18 BIL DEC,18 | 1 | 0 | 200 | 200 |
| 22-01-19 | DEC,JAN,19 BIL FEB,19 | 1 | 0 | 200 | 200 |
| 26-03-19 | FEB,MAR,19 BIL APR,19 | 1 | 0 | 200 | 200 |
| 24-05-19 | APR,MAY,19 BIL JUN,19 | 1 | 0 | 200 | 200 |
| 23-07-19 | JUN,JUL,19 BIL AUG,19 | 56 | 55 | 200 | 255 |
| 22-09-19 | AUG,SEP,19 BIL OCT,19 | 164 | 108 | 200 | 308 |
| 25-11-19 | OCT,NOV,19 BIL DEC,19 | 216 | 52 | 200 | 252 |
| 22-01-20 | DEC,JAN,20 BIL FEB,20 | 245 | 29 | 200 | 229 |
| 21-03-20 | FEB,MAR,20 BIL APR,20 | 290 | 45 | 200 | 245 |
| 06-06-20 | APR,MAY,20 BIL JUN,20 | 462 | 172 | 200 | 372 |
| 25-07-20 | JUN,JUL,20 BIL AUG,20 | 583 | 121 | 200 | 321 |
| 23-09-20 | AUG,SEP,20 BIL OCT,20 | 711 | 128 | 200 | 328 |
| 24-11-20 | OCT,NOV,20 BIL DEC,20 | 860 | 149 | 200 | 349 |
| 15-01-21 | DEC,JAN,21 BIL FEB,21 | 905 | 45 | 200 | 245 |
| 15-03-21 | FEB,MAR,21 BIL APR,21 | 982 | 77 | 200 | 277 |
| 26-05-21 | APR,MAY,21 BIL JUN,21 | 1192 | 210 | 200 | 410 |
| 24-07-21 | JUN,JUL,21 BIL AUG,21 | 1365 | 173 | 200 | 373 |
| 27-09-21 | AUG,SEP,21 BIL OCT,21 | 1518 | 153 | 200 | 353 |
| 23-11-21 | OCT,NOV,21 BIL DEC,21 | 1598 | 80 | 200 | 280 |
| 25-01-22 | DEC,JAN,22 BIL FEB,22 | 1642 | 44 | 200 | 244 |
| 13-04-22 | FEB,MAR,22 BIL APR,22 | 0 | 4621 | 222 | 222 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi Nitin H.

(એન.એચ.જોષી) સભ્ય (સ્વતંત્ર)

(શ્રી ડી.વી.લાખાણી) સભ્ય (ટેક)

(એન.સી.મકવાણા) ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧